
# પાટનગરની ઓળખ સમી પાવરહાઉસની બે ચિમનીનુ ડિમોલિશન

## કુલ પાંચ ચિમનીઓ પૈકી બે ચિમની તોડી પડાઈ : નિર્ધારિત ૨૫ વર્ષનું આયુષ્ય પુરૂ થઈ જતા તેનો વપરાશ બંધ કરી દેવાયો હતો







ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના પાટનગર ગાંધીનગરની સ્થાપનાને ૫૫ વર્ષ જેટલો સમય વીતી ગયો છે. શહેરની પહેલી ઈંટ પેથાપુર પાસેની જીઈબી કોલોની ખાતે મુકવામાં આવી હતી પછી ત્યાં થર્મલ પાવર સ્ટેશન વિકસાવાયુ હતુ જેને શહેરીજનો ટીપીએસ તરીકે ઓળખે છે. ટીપીએસના પાવર પ્લાન્ટમાં કુલ પાંચ ચિમનીઓ ઉભી કરવામાં આવી હતી. ગાંધીનગરની ઓળખ સમી બની જવા પામી હતી. જેમાંથી બે ચિમની તાજેતરમાં તોડી પાડવામાં આવી છે.

સેકટર-૩૦ના સર્કલ નજીક બનેલી પાવરહાઉસની ચિમનીઓ દૂર-સુદૂરથી નજરે ચઢી જાય છે તેથી શહેર તરફની દિશા શોધવામાં પણ શહેરની મુલાકાતે પોતાના વાહન લઈને આવનારા મુલાકાતીઓને સરળતા રહે છે. અગાઉ જ્યારે મહાત્મા મંદિરની પવનચક્કી કે વિધાનસભાનો ગુંબજ નહોતો ત્યારે આ પાંચ ચિમનીઓ જેને સૌ કોઈ ''જીઈબીના ભૂંગળા'' કહેતા હતા તેજ ગાંધીનગરની ઓળખ હતા. આધારભૂત સુત્રોના જણાવ્યાં મુજબ આ ચિમનીઓનું જ્યારે નિર્માણ કરવામાં આવ્યું ત્યારે તેનું આયુષ્ય ૨૫ વર્ષનું નિર્ધારિત કરાયું હતું. આ મુજબ ચિમની નંબર ૧ અને ૨ નું આયુષ્ય વર્ષ ૨૦૧૪માં પૂર્ણ થઈ ગયુ હતુ. આ બંને ચિમનીઓનો વપરાશ ત્યાંથી બંધ કરી દેવામાં આવ્યો હતો પરંતુ તાજેતરમાં અધિકારીઓની બેઠકમાં તેના ડિમોલિશનનો નિર્ણય લેવામાં આવ્યો હતો જે અંતર્ગત બે ચિમનીઓનુ આધુનિક પદ્ધતિથી ડિમોલિશન કરવામાં આવ્યું છે. હજુ બાકીની ત્રણ ચિમનીઓ કાર્યરત છે જેનુ પણ આયુષ્ય પુરૂ થાય પછી નિર્ધારિત પ્રક્રિયા મુજબ કાર્યવાહી હાથ ધરાશે.

શહેરના સ્થાપના કાળથી ઓળખ બની ચૂકેલ ચીમનીઓ શહેરનું અભિન્ન અંગ બની હતી. જોકે, ઈજનેરી કારણોસર ચીમની ડિમોલિશ કરવાનો નિર્ણય સમયસરનો છે એમાં ના નથી. પરંતુ મહત્વની બાબત એ છે કે, આધુનિક પદ્ધતિ દ્વારા ચીમનીનું ડિમોલિશન થઈ રહ્યું છે. ટેકનોલોજીની કક્ષા કેટલી બદલાતી રહી છે તેનો અદભૂત નમૂનો ચીમની ડિમોલિશનમાં જોવા મળ્યો.

### બધો ભંગાર અંદર જ પડે તે રીતે બ્લાસ્ટ કરી ડિમોલિશન કરાયું

પેથાપુર ટીપીએસ ખાતે કુલ પાંચ ચિમનીઓમાંથી નંબર ૧ અને નંબર-૨ ચિમનીઓનું ૨૫ વર્ષનું આયુષ્ય ૨૦૧૪માં પુરૂ થઈ ગયુ હતુ અને તે પછી તેમાં વીજ ઉત્પાદન પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી હતી. આ પછી તેને બિનકાર્યરત કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી અને ત્યારબાદ તાજેતરમાં લેવાયેલા નિર્ણય મુજબ તદ્દન આધુનિક પદ્ધતિએ આ બંને ચિમનીઓમાં તેનો ભંગાર તેની અંદર જ પડે અને કોઈ જાનહાનિ કે અન્ય જોખમ ઉભુ ના થાય તે રીતે સલામત પદ્ધતિથી બ્લાસ્ટ કરીને તેનુ ડિમોલિશન કરવામાં આવ્યું છે.

# સે-૯માં 'જ' અને 'છ' કક્ષાના ૭૮ જોખમી આવાસો તોડી નંખાશે

### જુના અને જર્જિરત મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે : હાલ સેકટરોમાં વિવિધ કક્ષાના અંદાજિત ૧૪ હજાર જેટલા મકાનો

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૧૪ હજાર જેટલા મકાનો હાલની સ્થિતિએ યથાવત છે. જયારે મોટાભાગના આવાસો જુના અને જર્જિરત હાલતમાં હોવાથી તંત્ર દ્વારા આ મકાનો તબક્કાવાર તોડવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં સે-૯ માં જ અને છ કક્ષાના ૭૮ મકાનો તોડવા માટે પણ કામગીરી હાથ ધરાશે.

શહેરમાં વર્ષો જુના અને કંગાળ સરકારી આવાસો તોડવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૧૪ હજાર જેટલા મકાનો છે. જયારે હજુ પણ ભયજનક મકાનો તોડવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જુના અને જર્જરિત મકાનો તોડી નવા મકાનો બાંધવા માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં હજુ પણ નવા મકાનો બાંધવા માટે જગ્યાનો અભ્યાસ કરી આયોજન કરવામાં આવશે. સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. બીજીતરફ સેકટરોમાં સર્વેના અંતે જોખમી આવાસોને તોડવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પણ સે-૧૬, સે-૬ સે-૨૯ સે-૩૦ તેમજ સે-૭ માં જુના અને કંગાળ આવાસોનો કડુસલો કરવામાં આવ્યો હતો. જયારે હજુ પણ જુના આવાસો તોડવા માટે કામગીરી કરવામાં આવી રહી છે. સે-૯ માં પણ હવે જુના અને જર્જરિત આવાસો તોડવા માટે કામગીરી હાથ ધરાશે. ડિઝાઈન સર્કલ દ્વારા સેકટરમાં જ કક્ષાના ૩૨ અને છ કક્ષાના ૩૬ મકાનો તોડવા માટે આયોજન કરાયુ છે. ટુંકમાં આ મકાનો તોડવા માટે કામગીરી પણ શરૂ કરી દેવાશે. શહેરમાં એકબાજુ નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. જયારે બીજીતરફ નવા આવાસો બાંધવા માટે ટાવર

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાંથી ડેન્ગ્યુના વધુ ૧૦ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાંથી આજે ડેન્ગ્યુના વધુ ૧૦ કેસ મળી આવ્યા છે આ સાથે છેલ્લા ૧૭ દિવસમાં ૧૦૦થી વધુ કેસ નોંધાયા છે.

શહેરી વિસ્તારમાં ઝડપથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી રહી છે તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. શહેરમાં સર્વેલન્સ, એન્ટી લારવેલ, ફોગીંગ અને સોર્સ રિડકશનની કામગીરીને વધુ સઘન બનાવવામાં આવી હોવાનું શહેરના મેડીકલ ઓફિસર ડૉ. કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે જે વિસ્તારોમાંથી વધુ કેસો મળ્યા છે ત્યાં સતત સર્વેલન્સ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ઈનડોર ફોગીંગ પણ કરવામાં આવી રહ્યું છે. શહેરમાં ૧૫ હજારથી વધુ મકાનોમાં ઈનડોર ફોગીંગ કરવામાં આવ્યાનું પણ તેમણે કહ્યુ હતુ.

એસ.આઈ. અને નર્સિંગ કોલેજની વિદ્યાર્થિનીઓ ઉપરાંત છ નવી વેક્ટર કંટ્રોલ ટીમની મળેલી મંજૂરી પછી પરિસ્થિતિ પર ઝડપથી કાબુ મેળવવામાં તંત્ર સફળ રહ્યુ હોવાનું પણ તેમણે સ્વીકાર્યુ છે.

ડૉ. ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે અને છુટા છવાયા જરૂર કેસો મળી રહ્યા છે. જો કે સર્વેલન્સ દરમ્યાન જે તાવના કેસો મળ્યા છે તેમને પણ નજીકના સરકારી દવાખાનાઓમાં સારવાર લેવા સમજાવવામાં સફળતા મળી છે. તેમણે લોકજાગૃતિ અભિયાનની કરેલી ઝુંબેશને પણ સફળતાનો હિસ્સો લેખાવ્યો હતો.


# સે-૧૫ માં ખેતી નિયામકની કચેરીનુ ચાર દાયકાના અંતે રીનોવેશન કરાશે

### કચેરીના ત્રણેય બિલ્ડીંગના રીનોવેશન પાછળ અંદાજિત ૭ કરોડનો ખર્ચ કરાશે : પ્લાસ્ટર, ફલોરીંગ, કલરકામ, ફર્નિચર, કમ્પાઉન્ડ વોલ સહીત બગીચાનુ પણ નિર્માણ કરાશે

ગાંધીનગર તા ૧૮

સે-૧૫ માં ખેતીનિયામકની કચેરીના રીનોવેશનુ ટુંકમાં કામ શરૂ કરાશે. ખેતી નિયામકની કચેરીના ત્રણ બિલ્ડીંગોના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૭ કરોડનો ખર્ચ કરાશે. આ રીનોવેશનની કામગીરી દરમિયાન બિલ્ડીંગમાં પ્લાસ્ટર, કલરકામ ,ફલોરીંગ તેમજ ફર્નિચર સહીત બગીચાનુ પણ નિર્માણ કરાશે. આ કચેરીનુ બિલ્ડીંગ ૧૯૭૮ માં બન્યુ હતુ. જયારે વર્ષોના અંતે હવે રીનોવેશનની કામગીરી હાથ ધરાશે.

સે-૧૫ માં સ્થિત ખેતીનિયામકની કચેરીના બિલ્ડીંગનુ રીનોવેશન કરવાનુ આયોજન કરાયુ છે. આ કામગીરી અન્વયે તાંત્રિક મંજુરીની પ્રક્રીયા પુર્ણ કરી દેવાઈ છે. આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામ શરૂ કરી દેવાશે. સે-૧૫ માં વર્ષ ૧૯૭૮ માં ખેતી નિયામકની કચેરીના બિલ્ડીંગનુ નિર્માણ કરાયુ હતુ. જયારે ચાર દાયકાના અંતે હવે આ મકાન જુનુ અને જર્જિરત થઈ ગયુ છે. જેના લીધે આ કચેરીના રીનોવેશન માટે તંત્ર દ્વારા કાર્યયોજના તૈયાર કરાઈ છે. જેમાં કચેરીના ત્રણેય બિલ્ડીંગના રીનોવેશન અન્વયે પ્લાસ્ટર,




● અનુસંધાન પાન-૭ પર

arban ઓટલો
GANDHINAGAR'S
FOOD & FUN CHOWPATY
FOOD PARK
(ખાણીપીણી બજાર)
સાંજે ૫.૦૦ થી શરૂ
શું તમે ઈન્ફોસીટી ક્લબના અંદર નવા ફુડ કોર્ટની મુલાકાત લીધી?



સૌના ખિસ્સાને પરવડે એવા ફુડ કોર્ટમાં બનેલી દુકાનો
Infocity Club & Resort, In Between GH-0 & CH-0, Gandhinagar. Mo. 8511172070, 9558370210

# ૩૦ ઓકટોબરે સરકારે રજા જાહેર કરી : કર્મચારીઓમાં ખુશી

ગાંધીનગર તા ૧૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયની સરકારી કચેરીઓ તેમજ બોર્ડ નિગમો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની કચેરીઓમાં આગામી તા ૩૦ ઓકટોબરના રોજ રજા જાહેર કરી છે. જેના લીધે દિવાળીના તહેવારમાં કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોમાં ખુશીની લહેર વ્યાપી છે. જયારે આ રજાની અવેજીમાં ૯ નવેમ્બરના રોજ બીજા શનિવારની રજાના દિવસે સરકારી કચેરીઓ કાર્યરત રહેશે. આમ સરકારી કચેરીઓ તેમજ બોર્ડ નિગમોમાં તા ૩૦ ઓકટોબરના રોજ રજા રહેશે અને ૯ નવેમ્બરે કચેરીઓ ધમધમતી રહેશે. તા ૩૦ ઓકટોબરે રજા જાહેર થતા રાજય સરકારના કર્મચારીઓને સળંગ ચાર રજા મળશે દિવાળીના તહેવારમાં રજા જાહેર કરાતા સરકારના આ નિર્ણયથી કર્મચારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# આજે મનપાના વોર્ડ ૧-૪નો સેવાસેતુ સેકટર-૨૮ના રંગમંચ પર યોજાશે

### શેરથામાં ગાંધીનગર તાલુકાનો બીજો સેવાસેતુ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પાંચમા સેવાસેતુ અભિયાનનો આજથી આરંભ થઈ રહ્યો છે. સરકારની સૂચના વોર્ડવાર સેવાસેતુ યોજવાની હતી પરંતુ મનપાએ બે વોર્ડના સેવાસેતુનુ આયોજન કર્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

વ્યવસાયની તક
અનુકુળ સમય પાર્ટ-ટાઈમ ફુલ-ટાઈમ
વધારે આવક કમાવો
● કોઈ વિશેષ લાયકાત ● તાલીમ આપવામાં આવશે
● કોઈ અનુભવની જરૂર નથી ● તમે તમારા માલિક બનો
● સ્ટુડન્ટ્સ ● નોકરીયાત લોકો ● ધંધાદારી લોકો
● ગૃહિણીઓ ● કંપની એક્ઝીક્યુટીવ ● નિવૃત્ત લોકો
ધ્રુમિલ જોશી
M. 88663 72212

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



૨૦ સીટની મિનીબસ ટેમ્પો ટ્રાવેલર ભાડે મળશે
Contact
94276 16601

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com